રાજકોટ ખાતે માનસિક ક્ષતિવાળા બાળકો તથા પુખ્ત વયના એમ.આર પુરુષો તથા સ્ત્રીઓ માટે નિવાસી ગૃહના બાંધકામ માટે સુધારેલી વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃમકમ/૧૦૨૦૧૯/૨૩૬૯૩૬/નબા/છ.
સચિવાલય,ગાંધીનગર
તારીખઃ- ૧૫/૭/૨૦૨૧

**વંચાણે લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃમકમ/૧૦૨૦૧૯/૨૩૬૯૩૬/નબા/છ,તા.૨૬/૮/૨૦૧૯
(૨) નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના તા.૧૬/૦૬/૨૦૨૧ના પત્ર નં.સસુખા/બકમ/વહીવટી મંજુરી/ ૨૧-૨૨/૨૫૫

**પ્રસ્તાવનાઃ-**

નિયામક, સમાજ સુરક્ષા ખાતા સંચાલિત રાજકોટ ખાતે માનસિક ક્ષતિવાળા બાળકોનું ગૃહ કાર્યરત છે. આ ગૃહ ખાતેની જગ્યા ઉપર એમ.આર.બાળકો તથા એમ.આર. પુખ્ત ઉંમરના પુરુષો તથા એમ.આર.બહેનો માટે નિવાસી ગૃહ રાજકોટ ખાતેના નવેસરાના બાંધકામ માટે સુધારેલી વહીવટી મંજુરી આપવા વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના ઠરાવથી રૂ.૪,૭૧,૨૭,૦૦૦/-લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી.

સદર વહીવટી મંજુરી અપુરતી હોઇ નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીના વંચાણે લીધેલ ક્રમાંકઃ-(૨) પરના તા.૧૬ /૦૬/૨૦૨૧ના પત્રથી માનસિક ક્ષતિવાળા બાળકોનું ગૃહ ખાતેની જગ્યા ઉપર એમ.આર.બાળકો, પુખ્ત ઉંમરના એમ.આર. પુરુષો તથા એમ.આર.બહેનો માટે નિવાસી ગૃહ રાજકોટ ખાતેના બાંધકામ માટે સુધારેલી વહીવટી મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ સદરહુ દરખાસ્ત

સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવઃ-**

માનસિક ક્ષતિવાળા બાળકોનું ગૃહ ખાતેની જગ્યા ઉપર એમ.આર.બાળકો પુખ્ત ઉંમરના એમ.આર. પુરુષો તથા એમ.આર.બહેનો માટે નિવાસી ગૃહ રાજકોટ ખાતે ના બાંધકામ સારૂ રૂ.૨૬,૬૧,૯૯,૭૦૦/- ( અંકે રૂપિયા છવ્વીસ કરોડ એકસઠ લાખ નવ્વાણું હજાર સાતસો પુરા) ની સુધારેલી વહીવટી મંજુરી નીચેની શરતોને આધીન તથા બાકી રહેલ ખર્ચની રકમ માટે આગામી વર્ષના અંદાજપત્રમાં જોગવાઇ કરાવવાની શરતે મંજુરી આપવામાં આવે છે.

**શરતોઃ-**

(૧) નાણાંકીય વર્ષ -૨૦૧૯-૨૦માં થયેલ બજેટ જોગવાઇ અને તેની સામે નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે તાત્કાલિક પ્રવર્તમાન એસ.ઓ.આર. મુજબ નકશા અંદાજે રજૂ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૩) બાંધકામના કામોમાં પી.ડબલ્યુ.ડી. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૪) રેલ્વે નેશનલ હાઇવે, ઓથોરીટી પુરાતત્વ ખાતુ, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજુરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજુરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૫) આ કામની ડીઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨-૧૧-૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃએસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચમાં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) શકય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૮) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પુરતી તકેદારી રાખવાની રહેશે.

(૯) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૦) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવ/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૧૧) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૨) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૩) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનો ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદર હેઠળ પાડવાનો રહેશે.

માંગણી નં.૮૪

સેકટર–ખ સામાજિક સમુહ સેવાઓના મુડી હિસાબ

પેટા સેકટર–જ– સમાજ કલ્યાણ અને પોષણ

૪૨૩૫ – સામાજિક સુરક્ષા અને કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ

૦૧ – પુનઃસ્થાપન

૨૦૧– અન્ય પુનઃસ્થાપન

૪૨ – મકાનો (૪૨૩૫–૦૧–૨૦૧–૪૨)

૫૩૦૦– મોટા કામ.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૧૩–૦૭–૨૦૨૧ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત સરકારના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

KSM

(કરિશ્મા પટેલ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

**નકલ રવાના પ્રતિ,**

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) અને અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા
  વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, ભોયતળીયે, ડી-૧, વિંગ
  બ્લોક નં.૨,કર્મયોગી ભવન, સેકટર-૧૦,ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, બ્લોક નં.૧૬, ડૉ જીવરાજ મહેતા ભવન,
  ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા) નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત અમદાવાદ/રાજકોટ
- બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, રાજકોટ
- છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
  સચિવાલય,ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા
  વિભાગ, સચિવાલય,ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ છ શાખાના ઠરાવોની
  યાદીમાંસમાવિષ્ટ કરવાની વિનંતી સાથે
- સિલેકટ ફાઇલ .